જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ અંતર્ગત બિનખેતી પરવાનગી આપવા/મેળવવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૨૦૦૧/૨૬૮૫/ક.
તા. ૧૬-૦૨-૨૦૦૪

**વંચાણે લીધો :**

(૧) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બખપ-૧૦૮૧/૬૧૨/ક તા. ૨૫-૩-૮૧
(૨) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ-૧૦૮૦/૫૫૮/ક તા. ૨૧-૯-૮૧
(૩) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ-૧૦૯૪/૯૯૫/ક તા. ૫-૮-૯૪
(૪) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ-૨૮૮૪/૧૯૯/ક તા. ૧૦-૧-૮૫
(૫) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : એલઆરઆર-૧૦૮૯/૧૫૦/ક તા. ૨૮-૭-૮૯
(૬) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ-૧૦૯૩/૧૨૫૬/ક તા. ૨૦-૯-૯૪
(૭) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ-૧૦૯૮/યુ.ઓ.-૧૨/ક તા. ૩૦-૧-૦૯૮
(૮) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ-૧૦૨૦૦૧/૨૬૮૫/ક તા. ૧૫-૧૧-૨૦૦૧
(૯) મહેસુલ વિભાગના પત્ર ક્રમાંક : બખપ-૨૭-૨૦૦૧/૩૮/ક તા. ૧૮-૫-૨૦૦૨
(૧૦) મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ-૧૦૨૦૦૨/૧૯૦૭/ક તા. ૨૮-૨-૨૦૦૩
(૧૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ વનમ-૧૪૦૩/યુઓઆર-૮/લ તા. ૨૯-૧૧-૨૦૦૩

**ઠરાવ :**

ખેતી વિષયક જમીનનો બિનખેતી ઉપયોગ કરવા અંગેની જોગવાઇ મુંબઇ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૬૫(૧), ૬૫(૨), ૬૫-ક, ૬૫-ખ વગેરે તથા કલમ-૬૬ અને ૬૭માં કરાયેલ છે. જે મુજબ ખેતી વિષયક હેતુ માટે ધારણ કરાયેલ જમીન અથવા તેના કોઇપણ ભાગનો ખેતી સિવાયના હેતુ માટે જમીનનો કાયદેસર ધારણ કરનાર (ખાતેદાર-Occupant ) ઉપયોગ કરવા ઇચ્છે તો તે અંગે કલેકટર (સુધરાઇ, મહાનગરપાલિકા, કેન્ટોનમેન્ટ એરીયા, નોટીફાઇડ એરીયા તથા બરો વિસ્તાર માટે) તથા ઉકત વિસ્તાર સિવાયના બધા વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર, માટે જિલ્લા પંચાયતની (જિલ્લા પંચાયતે આ મુજબના અધિકારો તાલુકા પંચાયતને આપ્યા હોય તો તે મુજબ) પૂર્વ પરવાનગી મેળવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આવી બિનખેતીના હેતુ માટે પૂર્વ પરવાનગી મેળવવાની અરજીઓ મંજૂર/નામંજૂર કરવાનો નિર્ણય ૩ માસની સમયમર્યાદામાં કરવામાં આવે નહીં તો આવી પરવાનગી આપોઆપ મળી ગયી છે તેમ ગણી લેવાની વૈધાનિક જોગવાઇ કરાયેલ છે. તેવી જ રીતે ટાઉનપ્લાનીંગ એકટની કલમ ૨૯(૪)માં પણ એવી જોગવાઇ કરવામાં આવી છે કે જયારે

કોઇ વ્યક્તિ (developer) વિકાસ પરવાનગી માટેની અરજી કરે ત્યારે ૩ માસમાં નિર્ણય લેવાનો રહે છે. જો ૩ માસમાં અરજી નામંજૂર કર્યા અંગેની જાણ કરવામાં ન આવે તો આવી વિકાસ પરવાનગી આપોઆપ મળી ગયી છે તેમ ગણી લેવાની વૈધાનિક જોગવાઇ સદરહું કાયદામાં પણ કરવામાં આવેલ છે.

૨. સંદર્ભમાં ક્રમાંકઃ૨ માં દર્શાવેલ વિભાગના તા. ૨૫-૩-૮૧ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ બિનખેતી પરવાનગી અંગેની સૂચનાઓના પરિશિષ્ટ-૨થી બિનખેતી પરવાનગી અંગે અભિપ્રાય આપવા બાબતે સંબંધિત અધિકારીઓએ જાળવવાની મહત્તમ સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ છે.

**<u>બિનખેતી પરવાનગી આપવાની કાર્યપદ્ધતિમાં સરળીકરણ :</u>**

૩. બિનખેતી પરવાનગી આપવા/ મેળવવા સંબંધી કાર્યરીતિમાં સરળીકરણ લાવવા અંગેનો સરકારનો અભિગમ હકારાત્મક રહ્યો છે. આના ભાગરૂપે મ્યુ.કોર્પોરેશન/ નગરપાલિકા/ ટાઉન પ્લાનીંગ એકટ હેઠળ મંજૂર કરેલ ફાયનલ ટાઉન પ્લાનીંગ સ્કીમના વિસ્તારમાં બિનખેતી પરવાનગી આપવા માટે અગાઉ ૧૩ થી ૧૪ વિવિધ ખાતા/કચેરીઓના અભિપ્રાયો મેળવવાના રહેતા હતા તેના બદલે કલેકટરશ્રીએ માત્ર ૩(ત્રણ) મુદ્દાઓઉપર ચકાસણી કરી બિનખેતી પરવાનગી આપવાનો નિર્ણય કરવો તેવી સૂચના સંદર્ભમાં દર્શાવેલ ક્રમ-૮ના તા. ૧૫-૧૧-૨૦૦૧ના પરિપત્રથી આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | કાર્યપાલક ઇજનેરશ્રી (મા.મ.) | રસ્તા રેખા નિયંત્રણ નિયમોનો કોઇ ભંગ થાય છે કે કેમ તે મુદ્દા ઉપર |
| (૨) | જમીન સંપાદન અધિકારી | સવાલવાળી જમીન સંપાદન નીચે છે કે કેમ અથવા સુચિત છે કે કેમ તેની ખાતરી માટે |
| (૩) | જે જમીન પરત્વે બિનખેતી પરવાનગી આપવાની છે તે જમીન શ.જ.ટો.મ. ધારા નીચે સરકારમાં સંપ્રાપ્ત થયેલ છે કેમ, સવાલવાળી જમીન નવી શરતની ગણોતધારાની કે અન્ય કાયદા મુજબ પ્રતિબંધિત સત્તા પ્રકારની છે કે કેમ અને જો હા, તો તે માટે અરજદારને પ્રથમ પ્રીમીયમ ભરવા જણાવવું. સીનેમા, પેટ્રોલપંપ વગેરે માટે જમીન બિનખેતી કરવાની હોય ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે પોતે સંબંધિત નિયમો/કાયદા નીચે | આ બધી બાબતોની/ મુદ્દાની ચકાસણી કલેકટરશ્રીએ પોતે કચેરીમાં આંતરિક વ્યવસ્થાથી કરી લેવાની રહે. |

| | | |
|---|---|---|
| | ખાતરી કરી લેવાની કે આ મુજબની પરવાનગી આપવાનું યોગ્ય થશે કે કેમ. અરજદાર પાસે સરકારના કોઇ લેણાં બાકી છે કે કેમ | |

૪. બિનખેતી પરવાનગી આપવા/મેળવવા સંબંધી કાર્યરીતિમાં વધુ સરળીકરણ દાખલ કરવા અંગે સરકારે નીચે મુજબ ઠરાવેલ છે કે જેથી આ કાર્યપદ્ધતિમાં ઝડપી લાવી શકાય.

**(ક) શહેરી વિસ્તાર માટે બિનખેતી પરવાનગી અને બાંધકામ પરવાનગીની બાબત અલગ અલગ કરવી.**

હાલની સ્થાયી સૂચના એટલે કે મ.વિ.ના તા. ૨૫-૩-૮૧ના ઠરાવના ફકરા-૧૩ અને તે સાથેના અરજીપત્રકના નમૂનાના વિભાગ-૧ના કેલમ-૧૨ પ્રમાણે જમીન માલિક બીનખેતી પરવાનગી મેળવવા માટે અરજી કરે ત્યારે અરજીની સાથે મહાનગરપાલિકા/ નગરપાલિકા/ સત્તા મંડળે આપેલ જે તે હેતુ માટેના બાંધકામની જરૂરી મંજૂરી (રજાચીઠ્ઠી) પરવાનગીની નકલ અને તેની સાથે મંજૂર કરેલ પ્લાનના નકશાની નકલ બિનખેતીની અરજી સાથે જોડવાની હોય છે. આમ જમીન માલિકે પ્રથમ મહાનગરપાલિકા/ નગરપાલિકા/ શહેરી વિકાસ સત્તા મંડળ/ વિસ્તાર વિકાસ સત્તા મંડળ પાસેથી જરૂરી પરવાનગી મેળવ્યા બાદ સક્ષમ સત્તાધિકારીને બિનખેતીની અરજી કરવાની રહે છે. આ પ્રક્રિયામાં સમય લાગે છે. તેથી શહેરી વિસ્તાર માટે બિનખેતી પરવાનગી અને બાંધકામ પરવાનગીની બાબત અલગ અલગ કરવાથી (Segragation of N.A. permission and building construction permission) સમયની બચત થશે અને કામગીરીમાં ઝડપ આવશે. આ બાબતને ધ્યાને રાખી સરકારશ્રી હવે એવું ઠરાવે છે કે, બાંધકામ પરવાનગી માટે અરજદાર જે તે મહાનગરપાલિકા/ નગરપાલિકા/ સંબંધિત સત્તામંડળને અરજી કરે તેની સાથોસાથ કલેકટર/જિલ્લા વિકાસ અધિકારીશ્રીને (જે લાગુ પડતું હોય તે) મહેસુલી કાયદાની કલમ-૬૫ નીચે બિનખેતી પરવાનગી મેળવવા માટેની અરજી પણ કરી શકશે અને આ અરજીની સાથે સૂચિત લે આઉટ પ્લાનની નકલ જાણ સારૂ સામેલ કરવાની રહેશે.

આ મુજબ અરજી મળ્યેથી એક બાજુ મહાનગરપાલિકા/ નગરપાલિકા/ સંબંધિત શહેરી વિકાસ સત્તામંડળ/ વિસ્તાર વિકાસ સત્તામંડળ તેમને લાગુ પડતા ટાઉન પ્લાનીંગ એકટ તથા અન્ય નિયમો (GDCR) પ્રમાણે લે-આઉટ પ્લાન, કી-પ્લાનની ચકાસણી કરવાની જવાબદારી રહેશે, જયારે બીજી બાજુ કલેકટરશ્રી/ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જમીન પરત્વેના માલિકીપણા, જમીનના સત્તાપ્રકાર (નવી શરતની જમીન છે કે કેમ) વગેરેની ચકાસણી કરવાની જવાબદારી રહેશે.

**<u>(ખ)　જમીન મહેસુલ કાયદા નીચે બિનખેતીની પરવાનગી મલ્યા પછી જ વિકાસ પરવાનગી/ બાંધકામની રજા ચિઠ્ઠી આપવા બાબત :</u>**

ટાઉન પ્લાનીંગ એકટની કલમ-૨૭ પ્રમાણે જયારે કોઇ વ્યક્તિ વિકાસ પરવાનગી માટેની અરજી કરે ત્યારે કલમ-૨૯(૪) પ્રમાણે આવી અરજી મળ્યેથી ત્રણ માસમાં નિર્ણય લેવાનો રહે છે. જો ત્રણ માસમાં અરજી નામંજૂર કર્યા અંગેની જાણ કરવામાં ન આવે તો આવી મંજૂરી આપોઆપ મળી ગયી છે, તેમ ગણવાનું રહે છે. બીજી બાજુ કલેકટર/જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પણ બીનખેતી પરવાનગી આપવાની અરજી મળ્યેથી તેણે પણ ૯૦ દિવસમાં જરૂરી નિર્ણય જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૫ પ્રમાણે કરવો ફરજીયાત છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ ક્રમ-૧૧ પરના પરિપત્રને ધ્યાને લઇ જે તે નગરપાલિકા/મહાનગરપાલિકા/ સત્તામંડળ દ્વારા બાંધકામ લે-આઉટ પ્લાન/ કી પ્લાનને મંજૂરી આપ્યાનો નિર્ણય લીધા બાદ જયાં સુધી કલેકટર/ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરફથી જમીન મહેસુલ કાયદા નીચે બિનખેતી પરવાનગી અંગેનો આખરી હુકમ કરવામાં ન આવે ત્યાં સુધી મંજૂર કરેલ લે-આઉટ પ્લાન, કી પ્લાનની નકલ અરજદારને આપી શકશે નહીં. દરમિયાનમાં જો ૯૦ દિવસની સમયમર્યાદા પૂરી થઇ જતી હોય તો મહાનગરપાલિકા/ સંબંધિત સત્તા મંડળે અરજદારને નીચે મુજબની જાણ કરવાની રહેશે.

આપશ્રીએ કરેલ વિકાસ પરવાનગીની અરજી મંજૂર કરવામાં આવી છે. પરંતુ તે મંજરીના હુકમ/ પત્રની નકલ તથા મંજૂર કરેલ લે-આઉટ પ્લાન, કી પ્લાનની નકલ આપશ્રી દ્વારા લે.રે.કોડની કલમ-૬૫ નીચે સક્ષમ સત્તાધિકારી દ્વારા બીનખેતી પરવાનગીના હુકમની નકલ રજૂ કર્યેથી આપવામાં આવશે.

જયાં સુધી કલેકટર/ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા બીનખેતી પરવાનગી લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૫ મુજબ આપવામાં આવે નહીં ત્યાં સુધી સવાલવાળી જમીન ઉપર કોઇપણ પ્રકારનું બાંધકામ શરૂ કરી શકાશે નહીં.

**<u>(ગ)　બિનખેતી પરવાનગી આપવાની હાલની મહત્તમ સમયમર્યાદામાં ઘટાડો :</u>**

હાલ રાજયના તમામ વિસ્તારો માટે બિનખેતી પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા મહત્તમ ૯૦ દિવસની (ત્રણ માસની) નક્કી કરવામાં આવેલ છે. તેમ છતાં કાર્યપધ્ધતિમાં ઉપરની વિગતે દાખલ કરવામાં આવેલ સરળીકરણ અને કાર્યમાં ઝડપ લાવવાના ઉદ્દેશથી નીચે મુજબની સમયમર્યાદા નક્કી કરવાનું આથી સરકારશ્રી વહીવટી રીતે ઠરાવે છે.

(ક)　સમગ્ર રાજયમાં <u>રહેણાંકના હેતુ</u> માટે બિનખેતી પરવાનગી આપવા માટેની વધુમાં વધુ સમયમર્યાદા ૪૫ દિવસની.

(ખ) સમગ્ર રાજયમાં અન્ય હેતુ માટે બિનખેતી પરવાનગી આપવા માટે વધુમાં વધુ સમયમર્યાદા ૬૦ દિવસની

આ અંગે વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ઉપરોક્ત (ક) અને (ખ) અંગે જમીન મહેસૂલ કાયદામાં સુધારો થાય નહીં ત્યાં સુધી આ એક વહીવટી સૂચના હોઇ, **આવી બિનખેતી ઉપયોગની અરજીઓનો કોઇ કિસ્સામાં ઉપર દર્શાવેલ સમયમર્યાદામાં નિકાલ કરવો શકય ન બને તો તેવા કિસ્સામાં બિનખેતીની મંજૂરી આપોઆપ મળેલ ગણાશે નહીં.**

ગ્રામ્ય વિસ્તારમાં બીનખેતીની પરવાનગી આપવાની સત્તા જિલ્લા/તાલુકા પંચાયતોને સુપ્રત કરવામાં આવી છે. પરંતુ જિલ્લા/તાલુકા પંચાયતોની કારોબારી સમિતિ નિયમિત પણે મળતી હોતી નથી. પરિણામે બીજી બાજુ મુકરર કરેલ સમયમર્યાદા પુરી થતી હોય છે જેથી જિલ્લા વિકાસ અધિકારી/તાલુકા વિકાસ અધિકારીએ બિનખેતીની અરજી છેલ્લા દિવસે નામંજૂર કરવી પડે છે. જેથી બીનખેતીની અરજીઓનો નિકાલ કરવા (મંજૂર કે નામંજર) કરવા માટે જે તે જિલ્લા/તાલુકા પંચાયતની સમિતિ (કે જેને આ હેતુ માટેની સત્તા આપવામાં આવી હોય)ની બેઠક દર માસે ઓછામા ઓછા બે વાર અચૂક યોજવાની રહેશે.

મહેસૂલ વિભાગના સંદર્ભ(૧)માં દર્શાવેલ તા. ૨૫-૩-૮૧ના ઠરાવ સાથે સમયપત્રક પરિશિષ્ટ-૨) મુકરર કરવામાં આવેલ છે તે સમયપત્રકમાં હવે સુધારો કર્યા મુજબનો (નકલ સામેલ છે.) અમલ કરવાનો રહેશે.

બિન ખેતી પરવાનગી આપવા સંબંધમાં ઉક્ત બાબતે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓ તેટલા અંશે સુધારેલ ગણવાની રહેશે જયારે અન્ય બાબતો/મુદ્દાઓ અંગે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓ યથાવત રહેશે.

સર્વે કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી/ જે તે શહેરી વિકાસ સત્તામંડળ/ વિસ્તાર વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રીઓએ આ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા/કરાવવાનું રહેશે.

ગુજરાતનારાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સી. એસ. ઉપાધ્યાય)
સરકારના નાયબ સચિવ
મહેસુલ વિભાગ

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- તમામ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન. રાજ્યકક્ષાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના અન્ય વિભાગો.
- મહેસૂલ તપાસણી કમિશનરશ્રી, બ્લોક નં. ૧૧, સચિવાલય, ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગ્રંથાલય ભવન, શ્રીજોમાળ, સેકટર-૧૭, ગાંધીનગર.
- સચિવશ્રી (વિવાદ), મહેસુલ વિભાગ, પોલીટેકનીક કંપાઉન્ડ, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા મામલતદારશ્રી
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ, સુરત, વડોદરા,રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ
- ચીફ ઓફિસરશ્રી, તમામ નગરપાલિકાઓ
- સર્વે શાખા, મહેસુલ વિભાગ
- સી.આઇ.ઓ. મહેસુલ વિભાગ (વેબસાઇટ ઉપર મુકવા સારૂ)
- પસંદગી ફાઇલ
- શાખા સંગ્રહ

# પરિશિષ્ટ-૨

## સમયપત્રક

| | | રહેણાંક હેતુ | અન્ય હેતુ |
|---|---|---|---|
| (૧) | અરજી મળ્યાની તારીખથી પહોંચ સ્વીકારવાનો સમય (અરજદારે અરજીમાં સંપૂર્ણ વિગતો આપી હોય તો જ તે સ્વીકારવાની પહોંચ આપવી અન્યથા જરૂરી વિગતો સાથે ફરીથી અરજી કરવા જણાવવું અને મૂળ અરજી પરત કરવી) | ૭ દિવસ | ૭ દિવસ |
| (૨) | (ક) પહોંચ સ્વીકાર્યા બાદ અભિપ્રાય, + ના વાંધા પ્રમાણપત્ર માટે જે તે અધિકારીને મોકલવા (જણાવવાનો) સમય<br>(એક કરતાં વધુ પ્રાધિકારી હોય તો દરેકને અલગ અલગ લખવું)<br>(ખ) રેવન્યુ રેકર્ડ મુજબ માલિકીની ખરાઇ, જમીનનો સત્તાપ્રકાર તથા સ્થળ તપાસ વગેરે કરવા માટે મામલતદાર/ સર્કલ ઇન્સ્પેક્ટર/તલાટી વગેરેના અહેવાલ મેળવવા માટે જે તેને મોકલવા (જણાવવાનો) સમય | | |
| (૩) | નગર આયોજન સિવાયના અધિકારીએ અભિપ્રાય સાથે જવાબ કરવાનો સમય | ૧૦ દિવસ | ૧૫ દિવસ |
| (૪) | નગર આયોજન અધિકારીએ જવાબ આપવાનો સમય (મહાનગરપાલિકા/ શહેરી વિસ્તાર સત્તામંડળ/ વિસ્તાર વિકાસ સત્તતામંડળ/ ફાયનલ ટાઉન પ્લાનીંગ સ્કીમ અમલમાં હોય તે વિસ્તાર સિવાયના વિસ્તાર માટે) | ૧૪ દિવસ | ૨૧ દિવસ |
| (૫) | સંબંધિત પ્રાધિકારીના જવાબ મળ્યા બાદ સક્ષમ અધિકારીએ તમામ પૂર્તતા કરાવીને નિર્ણય લેવા માટેનો | ૨૦ દિવસ | ૨૮ દિવસ |

| | | | |
|---|---|---|---|
| | સમય (નોધ મકવી, જિલ્લા/તાલુકા પંચાયતની કચેરી કારોબારી સમિતિ પાસે સત્તા હોય તો સમિતિ સમક્ષ મુકવું) | | |
| (૬) | અરજદારને છેવટના જવાબ આપવાનો સમય | ૭ દિવસ | ૭ દિવસ |

તા.ક. :(૧) બિન ખેતી હેતુ માટે પરવાનગી આપવાનો ૪૫/૬૦ દિવસનો સમયગાળો અરજીની પહોંચ આપ્યા તારીખથી ગણવાનો રહેશે.

(૨) જિલ્લા/તાલુકા પંચાયતની સમિતિ (કે જેને આ હેતુ માટેની સત્તા આપવામાં આવી હોય)ની બેઠક દર માસે ઓછામાં ઓછી બે વાર અચૂક યોજવાની રહેશે.